# મોટા આંકડીયા જિલ્લા પંચાયત બેઠકનાં ભાજપનાં ઉમેદવાર ડેનીભાઈ પરમારને વિજેતા બનાવવા ઉર્જા રાજયમંત્રી કૌશિક વેકરિયા સહિતનાં આગેવાનોની હાંકલ



અમરેલી જિલ્લા પંચાયતની મોટા આંકડીયા બેઠકનાં ભાજપનાં ઉમેદવાર ડેનીભાઈ રામાણી તેમજ તાબાની તમામ તાલુકા પંચાયતની બેઠકનાં ઉમેદવારોને વિજેતા બનાવવા ઉર્જા રાજયમંત્રી કૌશિક વેકરિયાએ હાંકલ કરી છે.


આપના શેરને લગતી મુંઝવણોનું સચોટ સોલ્યુશન
IEPF માં ગયેલા શેર હવે પાછા મેળવો !
IEPF માં ટ્રાન્સફર થયેલા તમારા શેર ખાતરીપૂર્વક પરત મેળવી આપીએ છીએ
■ જુના શેર સર્ટિફિકેટનું ટ્રાન્સફર ■ બાકી રહેલા ડિવિડન્ડ મેળવવાની સેવા ■ શેર વારસાઇ (Transmission) પ્રક્રિયા પૂર્ણ ■ તમામ પ્રકારની શેર સંબંધિત માર્ગદર્શન ■ મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ માટે આજે જ સંપર્ક કરો ■ યોગ્ય માર્ગદર્શન સાથે સુરક્ષિત રોકાણ માટે રૂબરૂ મળો
SHYAM WEALTH CREATION
16-17, સિલિયા રોડ, ડાવાંડ માર્કેટ સામે, અમરેલી વર્ષિલ સાવલિયા 99255 40007 - 99047 42662

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઇન્કમ ટેક્સના સર્ટિફીકેટ, 12AB, 80G, ઇન્કમ ટેક્સના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યક્તિગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ ૪૦, પહેલા માળે, ફિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

રાજકોટ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કોમર્શિયલ, રેસિડેન્શિયલ, પ્લોટ્સ લેવા-વેચવા ભાડેથી મેળવવા
PRIME PROPERTY
જયદિપ રાયઠઠા
Mo. 93770 03636

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo. 94268 31241

લોકલ ફોર વોકલ ॥ જય પરશુરામ ॥ સુવિધા સાથે વિવિધતા
મહાજન પાર્ટી પ્લોટ
ઉપલબ્ધ સુવિધાઓ
7 રૂમ (2 એ.સી. રૂમ) | 1200 ચોરસ ફૂટ પ્રસંગો
6000 ચો.ફુ. જગ્યા | માટે સુશોભીત હોલ
CCTV કેમેરાથી સજ્જ | મંડપ, માઇક, લાઇટ, ઇવેન્ટ
પાર્કિંગની વ્યવસ્થા | અને કેટરીંગની સુવિધા
ફ્રી વાઇ-ફાઇ સુવિધા | 12 L.E.D. ફલડ લાઇટથી
સરાઉન્ડ સાઉન્ડ સુવિધા | સુસજ્જ ગ્રાઉન્ડ
હાર્દિક ત્રીવેદી
94 285 61 601
શ્યામ ટીવીએસ પાછળ, સ્ટેશન રોડ, અમરેલી.



ગોપી ટોકીઝ પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
Navnit Hero Mo. +91 92899 22254

શું તમને સાંભળવાની તકલીફ છે ?
☛ નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
☛ બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
☛ વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
☛ જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
☛ પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય
કાનના મશીન
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363

શું તમે હરસ.મસા, ભગંદર અને ફિશર જેવી મળમાર્ગની બિમારીથી પીડાવ છો..?
શરમ સંકોચ છોડો.સહન ન કરો.સારવાર કરાવો
આ ગંભીર બિમારીઓમાંથી છુટકારો મેળવવા આજે જ સંપર્ક કરો
ડો. કાજલ બગડા
BAMS, MS.(Ayu.)
કન્સલ્ટન્ટ પ્રોક્ટોલોજીસ્ટ એન્ડ જનરલ સર્જન
● હરસ. મસા. ફિશર અને જટિલ ભગંદરની સારવાર
● જટીલ ભગંદરની અત્યંત પ્રચલિત ક્ષારસૂત્રથી સારવાર
● રીંગ Rubber Band Ligation થી મસા ના ઓપરેશન
● ઇન્જેક્શનથી Sclero therapy મસાની સારવાર
● નાસુર Pilo nidal sinus ની સારવાર
● ચામડીના મસા, ચરબીની ગાંઠ, ગુમડુ, કપાસી
● પાચનતંત્રના જુના હઠીલા રોગોની સારવાર
● મૂત્રમાર્ગ તથા પિત્તાશયની પથરીની આયુર્વેદીક સારવાર
7 વર્ષનો અનુભવ 20000+ દર્દીઓની તપાસ 3500+ ઓપરેશન
અમરેલીના સૌ પ્રથમ મહિલા પ્રોક્ટોલોજીસ્ટ
Shreeji HOSPITAL
સ્થળ : ડો.રાણપારા હોસ્પિટલ, ભીડભંજન મંદિરની પાસે, લીલીયા રોડ, અમરેલી
Shreeji Hospital Amreli +91 95744 13737 Shreejihospitalamreli@gmail.com



નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.



પરીખ હોન્ડા રેલ્વે સ્ટેશનની સામે, સ્ટેશન રોડ, અમરેલી.



જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬ ૮૨૦૦૪ / ૭૦૪૮૭ ૮૨૦૦૪



મારૂતિ સુઝુકી ઓથોરાઇઝડ ડીલર
આલ્ફા ઓટોલિંક
Alpha Autolink
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999




ભગવાન શ્રી પરશુરામજી પ્રાગટ્ય મહોત્સવ નિમિત્ત તેઓનાં ચરણમાં શત્ શત્ વંદન




અંગ્રેજી ન્યુઝ પેપર
The Indian EXPRESS
શેર બજારનું ગુજરાતી ન્યુઝ પેપર
ફાયનાન્સિયલ એક્સપ્રેસ
આપના ઘરે શરૂ કરવા માટે સંપર્ક કરો
પ્રકાશભાઈ ચંદારાણા
મો. ૯૬૩૮૫ ૩૦૪૫૦








































































**પ્રકરણ ..૨૮૧ –૧૯૬૬**

# બદતમીઝ કહો યા કહો... જાનવર.... મેરા દિલ તેરે દિલ પે ફીદા હો ગયા દિલ કી મહેફિલ સજી હૈ.... ચલે આઇએ.. આપ કી બસ કમી હૈ ચલે આઇએ સાજ હો તુમ.. આવાઝ હું મે.. તુમ હો વિના.. મે હું તાર.. સાજ હો તુમ

**પ્રિય વાચક મિત્રો ,**

**પ્રિય વાચક મિત્રો,**

આજે બ્રાહ્મણ સમાજના પૂજનીય અમર દેવ ભગવાન શ્રી પરશુરામનો જન્મોત્સવ છે, અને અખાત્રીજનો તહેવાર છે. તમામ વાચક મિત્રોને બન્ને તહેવારોની શુભ કામનાઓ.

તા.૧૨ એપ્રિલના રોજ હિન્દી સિનેમાના મહાનગાયિકા આશાજીએ વિદાય લીધી. આશાજીના જન્મ અને જીવન ચરિત્ર બાબત આપણે પેહલા ચર્ચા કરી ચૂકયા છીએ, અને આશાજીના નિધન બાદ ઘણા વર્તમાન પત્ર, સામયિક અને સોસિયલ મીડિયામાં માહિતી આવી ગઈ છે. તેથી આશાજીને એક શ્રદ્ધાંજલી માટે તેમના સંઘર્ષ અને સફળતા બાબત જાણીએ.રફી સાહેબ, લતાજી, કિશોરદા, આશાજી, મુકેશજી, મન્ના ડે, અને મહેન્દ્રકપૂર, હિન્દી સિનેમાના આ સપ્તર્ષિ છે. જે હમેશા લોકોના હૃદયમાં જીવિત રેહશે. આ સિતારાઓ હમેશા અમર જ હોય છે.




આશાજીએ માત્ર દસ વર્ષની વયે હિન્દી સિનેમા અને મરાઠી ફિલ્મોમાં ગાયન આપ્યા હતા.ગણપત રાવ ભોસલે સાથેના લગ્ન બાદ ત્રણ બાળકોની જવાબદારી સાથે તેઓ લગ્ન બંધનથી અલગ થયા. તે સમય હિન્દી સિનેમામાં લતાજી, શમસાદ બેગમ, સુરૈયા અને ગીતા દતનો હતો.આશાજીના ફાળે માત્ર વર્ષે પાંચથી છ ગીતો મળતા હતા. સાથે ત્રણ બાળકો અને પોતાનો જીવન નિર્વાહ કરવો મુશ્કેલ બની રહ્યો હતો. ત્યારે ધીમે ધીમે લતાજી સર્વોપરી સાબિત થતાં જતાં હતા. લતાજી નવા સંગીત કારો, કે નિર્માતા સાથે કામ ઓછું કરતાં હતા, સાથે મુખ્ય અભિનેત્રી સિવાય બીજી કલાકારોને સ્વર આપતા ના હતા.આશાજીએ લતા જીસાથે સ્પર્ધા ના કરી, પણ સફળતા તરફ જવા તેમણે તેમની લાઈન મોટી કરવાના પ્રયત્ન કર્યા. ૧૯૫૨માં સંગીત કાર આ પી નૈયર ના સંપર્ક માં તેઓ આવ્યા. આ પી સાહેબને લતા જી સાથે મનદુ:ખ થયેલ એટલે તેમણે પ્રતિજ્ઞા કરેલ કે તેઓ લતાજી સાથે કયારેય પણ કામ કરશે નહીં.આશાજીને એક સહારાની જરૂર હતી અને આ પી સાહેબને એક ગાયિકાની. આ જોડી ૧૯૫૭ની નયા દેર થી વધુ પ્રચલિત થઈ. ત્યારબાદ હાવરા બ્રિજ, અને એસ ડી સાથે અને કિશોર દા સાથે આશા જીએ જોડી જમાવી. કાલા પાની,ચલતી કા નામ ગાડી, નવરંગ, લાજવંતી, પ્રોફેસર, હમ દોનો, ઘરાના, એકમુસાફિર એક હસીના, કશ્મીર કી કલી, ની સફળતા એ આશાજીને પ્રથમ નંબરના ગાયિકા બનાવ્યા. ૧૯૬૬માં આર ડી સાથે તીસરી મંઝિલના ગીતોએ ધૂમ મચાવી અને ત્યારબાદ આશાજી ૨૦૨૨ સુધી સક્રિય રહ્યા. સાત ફિલ્મ ફેર એવાર્ડ, બે રાષ્ટ્રીય એવાર્ડ, દાદા સાહેબ ફાળકે એવાર્ડ, આઈફા એવાર્ડ, અને પદ્મ વિભૂસન જેવા એવાર્ડ તેમણે પ્રાપ્ત કર્યા. અલી અસાગર સાથેના આલ્બમ દ્વારા ગ્રેમી એવાર્ડમાં નોમિનેટ થયા. ૨૦૧૧માં ગ્રીનીચ બુકમાં સૌથી વધુ ગીત ગાનારા ગાયિકામાં સ્થાન મળ્યું. તેઓએ ૨૦ થી વધુ ભાષામાં ૧૨૦૦૦ જેટલા ફિલ્મી અને નોનફિલ્મી ગીતો ગયા છે. ગુજરાતી ફિલ્મોમાં પણ તેઓએ સ્વર આપ્યો છે. આશાજી રસોઈ બનાવવાના પણ શોખ ધરાવતા હતા. તેમના ઘરે આવતા મહેમાનોને તેઓ જાતે રસોઈ બનાવી જમાડતા હતા. આ શોખ માટે તેમણે દુબઈ અને વિદેશમાં આશા નામના ભારતીય વાનગીઓ પીરસતા રેસ્ટોરન્ટ પણ ચાલુ કર્યા છે. જેના મસાલા આ તેઓ ખુદ જાતે તૈયાર કરતાં હતા. આશાજીએ જીવનમાં દર્દ ઘણા સહન કર્યા, પણ કયારેય તેમનો અણસાર તેમના ચહેરા પર આવવા દીધો નહીં. અત્યંત લાગણી શીલ,અને દયાળુ સ્વભાવના આશાજી ૨૦૨૬, આ સચિનના પુત્ર અર્જુનના લગ્નમાં જોવા મળ્યા હતા. આશાજી ચાહકોને છોડી જતાં રહ્યા, પણ આશાજીના ચાહકો તેમને કદી પણ છોડશે નહીં. તેઓ અમર છે. આશાજીને તાઈ એટલે કે મોટા બહેનના નામે યાદ કરાય છે.

## ફિલ્મી સફર

**(એક ઈતિહાસ)**

**હિતેશ જોશી : ૯૪૨૭૨ ૩૦૫૦૬**

હવે હિન્દી સિનેમાના ૧૯૬૬ના ફિલ્મી સફરને આગળ લઈ જઈયે. આજે આપણે શમ્મી કપૂર અને જોય મુખર્જીની ફિલ્મોની વાત કરીશું. શમ્મીની ૧૯૬૬માં ત્રણ ફિલ્મો આવી જેમાં એક સુપર હિટ રહી, જેની વાત ટોપ ટેન ફિલ્મોમાં કરીશું.

બદતમીઝ –. બદતમીઝ ફિલ્મના અભિનેત્રી સાધના છે. સાધનાએ ૧૯૬૬ માં તેમના પ્રેમી નિર્દેશક નિર્માતા આર કે નૈયર સાથે માર્ચ – ૬૬માં લગ્ન કરી લીધા હતા. તેઓનું લગ્ન જીવન ૧૯૯૫ સુધી આર કે ના નિધન સુધી રહ્યું. આર કે અને સાધના વચ્ચે ૧૦ વર્ષનો તફાવત હતો. સાધના ૨૫ વર્ષના અને આર કે ૩૬ વર્ષના હતા. સાધનાના પરિવારના વિરોધ છતા આ પ્રેમીઓએ લગ્ન કર્યા હતા.

બદતમીઝ ફિલ્મમાં અભિનેત્રી કાનન કેસલ હતા. જે તેમની પ્રથમ ફિલ્મ હતી. કાનન નો જન્મ ૨૧–૩–૧૯૩૯માં વડોદરામાં થયો હતો. આમ તેઓ જન્મે ગુજરાતી હતા. તેઓના લગ્ન શશિકાંત સાથે ૧૯૬૪માં થયા હતા, પણ નાટકો દ્વારા તે હિન્દી સિનેમામાં આવ્યા હતા. જાય સંતોષી માતા તેમની યાદગાર ફિલ્મ છે. કાનન કેસલે ૧૯૯૨ સુધી ફિલ્મોમાં કામ કર્યુ તેઓ ૮૭ વર્ષ ની વયે પરિવાર સાથે જીવન પસાર કરી રહ્યા છે.

લક્ષ્મી છાયા – તેઓ મૂળ જુનાગઢના હતા, તેમનો પરિવાર ગુજરાત જુનાગઢથી મુંબઈ સ્થાયી થયો તેમનો જન્મ ૭–૧–૧૯૪૮ના રોજ મુંબઈમાં થયો. તેઓ ૧૯૫૮ની તલાક ફિલ્મથી હિન્દી સિનેમામાં આવ્યા, ત્યારબાદ તેઓ ચરિત્ર અને વેંપની ભૂમિકામાં ઘણી ફિલ્મોમાં દેખાયા, તેઓએ ગુજરાતી, મરાઠી ફિલ્મોમાં પણ કામ કર્યુ, હિન્દી સિનેમામાં તેઓ ૧૧૫થી વધુ ફિલ્મોમાં દેખાયા છે. તેઓ ૧૯૮૭ સુધી સક્રિય રહ્યા. ૯–૫–૨૦૦૪ના રોજ તેઓ અમર થયા.




બદતમીઝ ફિલ્મ જાણીતા નિર્માતા નિર્દેશક મનમોહન દેસાઈના નિર્દેશનમાં બની છે. જગદીશ વર્માના નિર્માણ માં, શંકર જયકિશનના સંગીત, શૈલેન્દ્ર, હસરતના ગીતો અને શમ્મી કપૂર, સાધના, કાનન કેસલ, લક્ષ્મી છાયા, પુર્ણિમા, મનોરમાં, જગદીશ રાજ દ્વારા અભિનીત રહી. આ ફિલ્મ એક બદતમીઝ યુવતી પર આધારિત છે, જેને શમ્મીનો પ્રેમ એક સમજુ યુવતી બનાવે છે, પણ શમ્મીની સાવકી માતા શમ્મીના લગ્ન તેની બહેનના લગ્ન માટે નક્કી કરી દે છે, પણ અંતે ફિલ્મનો સુખદ અંત આવે છે, ફિલ્મનું શૂટિંગ યુરોપમાં થયું છે. ફિલ્મના રફી સાહેબના સ્વરના ગીતો આજે પણ લોકપ્રિય છે, જેમ કે, બદતમીઝ કહો, યા કહો જાનવર... હસીન હો તું ખુદા નહીં હો.. આ ફિલ્મ સફળ ના રહી.

પ્રીતના જાને રીત – એસ બનેરજીના નિર્દેશનમાં, શમ્મી કપૂર, બી સરોજા દેવી, જહોની વોકર, નાસિર હુસેન, ધુમાલ, રણધીરથી અભિનીત, કલ્યાણ જી આનંદ જી ના સંગીત સાથેની આ ફિલ્મ પણ સફળના રહી.

જોય મુખર્જીની આ વર્ષે ત્રણ ફિલ્મો આવી, જેમાં એક સુપર હિટ રહી, જેની વાત ટોપ ટેન ફિલ્મોમાં કરીશું. બીજી બે ફિલ્મો એવેરેજ સફળ રહી.

સાઝ એર આવાઝ – સુબોધ મુખર્જીના નિર્દેશનમાં, ખૂબર બરકણવી ના ગીતો અને નેશાદના મધુર સંગીત સાથે આ ફિલ્મમાં જોય મુખર્જી, સાયરા બાનુ, સુરેશ, પદ્મા ખન્ના, લીલા મિશ્રા, અસિત સેન અને કન્હૈયા લાલે અભિનય આપ્યો હતો. ફિલ્મ આ વર્ષની ૧૮ નામબરની સફળ એવેરેજ ફિલ્મ સાબિત થઈ. ફિલ્મની કહાની જોય અને સાયરાના પ્રેમ પર આધારિત છે, બન્ને પ્રેમીઓને સાયરાને એક તરફી ચાહતો રાજકુમાર અલગ કરે છે, બન્ને ભાગીને લગ્ન કરવા જતાં હોય છે, ત્યારે જોયને ઘાયલ કરી દેવામાં આવે છે,જોય સ્વસ્થ થયા બાદ જે જગ્યા એ મળવાનું નક્કી કરેલ તે જગ્યા એ પહોચે છે, પણ તેને અહી સાયરાનો આત્મા મળે છે. જેને રાજકુમારે મરેલ છે. જોય રાજ કુમારને પોલીસના હાથે પકડાવી પોતે પણ જીવનનો ત્યાગ કરે છે. આ ફિલ્મના ગીતો રફી સાહેબના સ્વરમાં આજેપણ લોકપ્રિય છે.

કિતની હસીન હૈ ઝીંદગી – અભિનેતા મોતીલાલની આ અંતિમ ફિલ્મ છે જે તેના નિધન બાદ પ્રદર્શિત થઈ હતી. આ ફિલ્મનું નિર્દેશન આર કે નૈયરનું છે. ગીત રાજેન્દ્ર કૃષ્ણ ના અને સંગીત રવિનું છે. ફિલ્મ ૧૬ નંબરની એવેરેજ ફિલ્મ સાબિત થઈ. ફિલ્મમાં જોય મુખર્જી, સાયરાબાનુ (ડબલ રોલ), મોતીલાલ, અને અશોક કુમારે અભિનય આપેલ હતો. ફિલ્મ રાજકીય કાવા દાવા પર આધારિત છે. ફિલ્મના ગીતો લોકપ્રિય રહ્યા હતા. આગામી અંક માં સુનિલ દત અને ધર્મેન્દ્રની ફિલ્મોની સાથે મળીશું. આભાર...

**હિતેશ જોશી. ૧૯–૪–૨૬**

# દીકરી બાબતે ઘરનો ઉજાસ

## સુખી અને સાર્થક જીવનનું રહસ્ય



**ડો. ધીરજકુમાર વ્યાસ**
**મો. ૯૪૨૭૨ ૪૪૨૫૧ (એડવોકેટ)**
**બગસરા**

ફુલ ઉભરાતી આબરૂને કુલ તણું ડહાપણ,
સંસારમાં છે દીકરી સાચા સ્નેહનું સગપણ.

તેર દિવસ ગામડે રહીને આજે મુંબઈ જવા ટ્રેનમાં જાય છે. સ્લીપર બર્થ સુતા સુતા વિચાર કરે છે. ગામડું માણસો પ્રેમ, લાગણી વગેરે વિશે મનમાં વાર્તાલાપ ચાલે છે. ભોળા અને સરળ માણસો પડોશીઓ દરરોજ સત્સંગ પ્રાર્થનામાં અવાતા સોનલના નીતિ વ્યવહારનાં વખાણ કરતા પડોશીઓ સાથે ઘર જેવા સંબંધો દરેક કામ પ્રસંગે હાજર બેલાના મગજના સોનલનો મૃત્યુ પ્રસંગ ખળભળાટ મચાવી ગયો છે. ચિત્તમાં શૂભતી પીડા આંતરિક સંતુલનને ડગમગાવ્યું આઠ દિવસ ઊંઘી શકી નહિ. મૃત્યુના ચાબખાએ તેને લાગ્યુ કે દરેકે અંતિમ સત્ય સ્વીકાર કરવાનો છે તો જીવનની આ યાત્રા સુંદર કેમ બને ? ગુનાઈલ લાગણીને મલમ લગાડવા પ્રયત્ન કરવો પરંતુ જે પીડા ફરસ પર લાદીની જેમ દિલમાં જડાઈ ગઈ છે તેનું શું સસરાએ મુંબઈ જવાની હા પાડી છે. પપ્પાએ એક કવિતા કહી હતી. મકરંદ દવેની આ કવિતા ભાભીને મોકલી હતી. કવિતાની કેટલીક પંકિતઓ યાદ હતી. આ કવિતા યાદ કરતા આંખમાં આંસુ આવી ગયા. મારી ફરજ અને ધર્મમાંથી હું કેમ ગબડી ગઈ ? હું કેમ જલ્દી મારા ઘરે ન આવી ? પંકિતઓ ગણગણતી પસ્તાવો કરતી ઉંઘી ગઈ હતી. ગુજરાતીમાં કુટુંબ પ્રેમનાં ઘણા કાવ્યો છે માતા–પિતા વિશે બોટાદકર, દલપતરામ, નાનાલાલ વગેરે પરંતુ પુત્રવધુ વિશે કેવી ભવ્ય કલ્પના છે ? મેં આ કલ્પના સાકાર કરવાની વાત પપ્પાને કરી હતી હું કેમ નિષ્ફળ ગઈ ? કવિતા પુત્રવધૂનુ સ્વાગત (મકંરદ દવે) આજ લક્ષ્મી આવ્યા મારે આંગણે.

લાવ્યા સૌ સો કમલની સુગંધ, ઓચ્છવ મારે આંગણે એને વેણ રે વ્હાલપ નીતરે...

એને ટોડલિચ ટહુંકાર ઓચ્છવ મારે આંગણે...! એતો ઘરનું છતર, ઘરની અગાશીનું ખુલ્લું આકાશ. ઓચ્છવ મારે આંગણે કવિએ પુત્રવધુનો કેવો મહિમા ગાયો છે સો સો કમલની સુગંધ કેવુ સ્વાગત કેવો સ્વીકાર પુત્રવધુ આવવાથી જીવતરમાં નિરાંત હાથ થાય છે. વાહ કવિ પપ્પાની સાથે આ કવિતા પ્રમાણે વર્તવા પ્રોમિસ આપેલ છે અને પ્રથમ પગથિયે જ મને નિષ્યફળતા મળી ? ટ્રેનની સ્પીડ સાથે વેદના વધતી ગઈ. મનમાં ઘણા, બીજા સંકલ્પો કર્યા. પણ ઉઘ કયાં ? બાળકોમાં અભ્યાસ સાથે સંસ્કાર કથા કહેવાય તો ? વાર્તામાં બાળકોને મૂલ્ય સંસ્કારનું શિક્ષણ અપાય તો જીવનભારનું ભાથુ આપી શકાય બાળકોને ઉપદેશ આપવાની કથા લખવી અઘરી છે.

જેને સૌથી વધુ બાળવાર્તા લખી છે પંચતંત્ર, ઈસપની બાળ વાર્તા ભારતની વાર્તા સમૃધ્ધિ પરદેશ પહેંચી છે. પણ આપણા સમાજના દિલ સુધી પહોંચી નથી. નહિ તો આપણી દશા આવી હોત ?

ઈસપની એક વાર્તા આપ સૌ જાણો છો કાગડાના ખોટા વખાણ કરી શિયાળ એના મોંમાથી પૂરી પડાવી લે છે. આ વાર્તા શ્રી રમણભાઈ સોનીએ એક નિશાળમાં કહી એક બાળકી બોલી ‘‘જુઠા બોલો જીતી ગયા.’’ એની સાહિબે તરત જ વાર્તામાં પૂર્તિ કરી નહિ તો ખોટો અર્થ બાળકને મળશે તેથી વાર્તા આગળ વધારી એક કૂતરો આ દશ્ય જોતો હતો શિયાળ પૂરી લઈને દોડયુ કે કૂતરો પાછળ પડયો શિયાળ પૂરી મુકીને ભાગ્યું ત્યાં એક ગાય હતી તે ચરતી ચરતી આવી ને એ પૂરી ખાઈ ગઈ. બાળ માનસમાં કુટુંબ સમાજ સાથે સાચાં મૂલ્યો સમજે તો સંસારનાં અડધા ગ્રહનો ઉકેલી શકાય. લેખકનો વડીલોનો ધર્મ છે તે પોતાના સંતાનોને સમાજને દેશનું કલ્યાણ શેમાં છે તેનો ઉપદેશ સલાહ આપે વાંચકોની બાળ કોની વાહ વાહનની પરવા કર્યા વગર કુટુંબ પ્રેમ વધે તેવો પ્રયત્ન કરવાનો છે. પુસ્તકોની અવદશા જોતા આવનારા દિવસોની કલ્પના કરી શકાય છે. બેલાએ પોતાનો જીવનધર્મ માટે આ રાતે જ સંકલ્પ કર્યો કે ભૂલ થઈ ગઈ છે. મોડું ઘરે જવાનું થઈ ગયું છે પણ હવે કદીપણ મારૂં ઘર એરબે મારા પતિનું નહિ પણ મારા સાચુ – અસરા અને તમામ પરિવાર આ માટે કંઈપણ કરવામાં હું પાછી નહિ પડું મનને કહ્યું હવે વિચાર છોડ આ સંકલ્પ છે. નિકુંજ પણ બેલાને પડખા ફરતી જોઈ રહ્યો હતો કહ્યું સુઈ જા વિચારો કરીશ તો ઉંઘ નહિ આવે તું શું વિચાર કરે છે ? પપ્પાને હવે આપણે આપણી સાથે મુંબઈ ભણવા લઈ જવા છે. આપણી સાથે રાખવા છે અને વરસમાં એક વાર બન્ને ભાઈઓને તેડાવવા છે. અને જાત્રા કરવા લઈ જવા છે આટલું તમે કરશો અને કહેશો પછી જમને ઉંઘ આવશે નિકુંજે કહ્યું સાચી વાત છે સમજુ અને સંસ્કારી સ્ત્રી આવું જ વિચારી શકે મેં તને ખોટી સમજી અન્ડર એસ્ટીમેટ કરી ગામડાનાં વાતાવરણમાં તં કદાચ રિયલી આઈ એમ વેરી સોરી. આઈ બેગ નંગ યોર પાર્ડન. હું હવે તારા વિચાર સાથે સંમત છું. અપને લિયેજી જીના નહીં હોતા.‘હે પ્રભુ, હું જે ઈચ્છું તે નહિ, પણ જે યોગ્ય હોય તે થજો પ્રાથના કરી બેલા સુવા માટે બિસ્તર પર સુતી એક સંકલ્પ કરીને.

સૌસાથે હળીમળીનેસંપીને
કરીશું સાચી જાત્રા આશિષ વરસેપ્રભુના
કરીશુંઆવી હવેયાત્રા (સંપૂર્ણ)

# ‘સમજણ એ જ નારાયણ’

## ‘‘બધાના પગ તળે કચડાઈ ગઈ કોઈ બાબત અને શહેરના ખૂણે ખૂણે તપાસ થઈ.’’

**– જવાહર બક્ષી**

આદરણીય શાહબુદીનભાઈનુ એક માર્મિક દષ્ટાંત છે. સંત રાબીયા પોતાની ઝુપડીથી દૂર લાઈટનાં અજવાળ થાંભલા પાસે પોતાનો ખોવાઈ ગયેલો પૈસાનો સીકકો શોધતાં હોય છે, એવામાં થોડા યુવાનો કે જેઓ મહેફીલ (પાર્ટી)માંથી પાછાં ફરી રહ્યા હોય છે, તેઓ ત્યાંથી પસાર થાય છે અને રાબીયાને પૂછે છે કે ‘તમે શું શોધો છો ?’ રાબીયા પછી વાત કરે છે, ત્યારે યુવાનો પૂછે છે કે ‘ સિકકો અહીંયા જ ખોવાયો હતો ?’ રાબીયા કહે છે કે ‘ના ઝૂપડપટ્ટીમાં ખોવાયો હતો,’ યુવાનો કહે છે કે ‘તો પછી અહીંયા કેમ શોધો છો ?’ રાબીયા કહે છે કે ‘અહીંયા પ્રકાશ છે એટલે પછી રાબીયા યુવાનોને પ્રશ્ન પૂછે છે કે’ ‘તમે કયાંથી આવો છો ?’ યુવાનો કહે છે કે ‘અમે મહેફીલમાંથી આવીએ છીએ.’ રાબીયા મહેફીલમાં જવાનું કારણ પૂછે છે, ત્યારે યુવાનો કહે છે કે ‘અમે આનંદ માટે, મોજ માટે, ત્યાં ગયાં હતાં.’ ત્યારે છેલ્લે રાબીયા પૂછે છે કે તમે તમારો આનંદ, મજા મહેફીલમાં ખોઈ હતી ? તે ત્યાં શોધવા ગયા હતાં ? યુવાનો અવાચક બની જાય છે !



**યોગેશ ભટ્ટ**
**(બી.એ.એલ.એલ.બી)**
**મો. [illegible] – અમરેલી**

વાત સરળ છે, પણ કેટલી માર્મિક છે ! આજે સમાજમાં સૌ કશુંક શોધવાં, પ્રાપ્ત કરવા, મેળવી લેવા માટે મથામણ કરી રહ્યાં છે ! સૌને કંઈક વિશેષની ઝંખના છે, પણ એ વિશેષ કયાં છે ? તેની કોઈને ખબર નથી માણસ આજનાં યુગમાં સુખી હોવાં કરતાં પણ સુખી દેખાવા તત્પર બન્યાં છે ! સેલ્ફીનાં આ યુગ જો કે ભલે ખોટાં ખોટાં પણ સૌને હસતાં ચહેરે દેખાડો કરતાં તો કરી જ દીધા છે ! પરિણામે માણસ બ્રાહ્યજગત સાથે, દેખાડા અને હરિફાઈમાં વધારે રત થવાં લાગ્યો બીજા કરે છે તેમજ કરવું, અન્યનું જોઈને તેવી રીતે જ જીવવું પોતાની પાસે અનુકૂળ તા ન હોય, તો દેણાં કરીને પણ સમાજનાં ‘હું કંઈક છું.’ એવું દેખાડી દેવું આ એક ફેશન બનતી જાય છે ! મૂળ સ્વભાવ, વૃતિઓ, વર્તનો, વ્યવહારો ભૂલીને જે નથી, જે શકય કે જરૂરી પણ નથી તેની પાછળની આ આંધળી દોટે આપણી મનની શાંતિ, સંતોષ અને સુખને જ છીનવી લીધા હોય એવું નથી લાગતુ ? આ બાબતે જરૂર વિચારજો.

નવનીત

‘‘એક પળ માટે સાધી નિજ સંપર્ક, આપણે કયાં છીએ એ સહેજ કહો.’’

**ડાયાબીટીસને ઓળખવો કઈ રીતે**

ડાયાબિટીસને ઓળખવો સહેલો નથી. ઘણા લોકોને ડાયાબિટીસ થયા પછી ઘણા વર્ષો બાદ જાણ થાય છે કે તેમને ડાયાબિટીસ છે. ડાયાબિટીસને ઓળખવા માટે મારી પાસે આવેલા બે કેસની ચર્ચા કરીએ.

આજથી લગભગ ૨ વર્ષ પહેલા જતીન કરીને ૧૨ વર્ષની ઉમરના છોકરાને લઈ તેના મમ્મી મારી પાસે આવ્યા હતા, મને કે સાહેબ આ મારો જતીન જોવો ને કેટલુંય ખાય જાય છે તોય દિવસે –દિવસે સુકાતો જ જાય છે, પહેલા તો આખો દિવસ રમ્યા જ કરતો, હવે ઘરમાં જ પડ્યો રહે છે, અમારા બાજુ વાળા આંગણવાડી વાળા બેને એવું કહ્યું કે તમારા જતીનને કૃમિ થયા છે, એટલે એની દવા ય બહુ આપી તોય શરીરમાં સારો થતો નથી, એટલે મારા એક સગા એ કહ્યું કે તમે જતીનને કૃમિ માટે દેશી દવા કરો એટલે તમારી પાસે લાવી છુ. મેં જતીનને બરાબર તપાસ્યો મને જતીન સાવ નિસ્તેજ લાગ્યો, મેં તેના દાત, જીભ , આંખ તપાસી મને તેમાં જરૂર કરતા વધારે મેલ લાગ્યો, મેં બેનને પૂછ્યું જતીન પેશાબ કરવા કેટલી વાર જાય છે, મને કે સાહેબ વારવાર, સ્કુલમાંથી એય ફરિયાદ આવે છે કે તમારો જતીન ચાલુ ક્લાસે વારવાર પેશાબ કરવાનાં બાના કરેછે, એના સાહેબ કહેતા હતા હમણા જતીનનું ભણવામાં ય ધ્યાન નથી લાગતું, મેં કીધું જતીનને થાક લાગે છે, મને બેન કે સાહેબ એને નો ભણવું હોય ને એટલે એવા થાકનાં બાના કરે છે, એટલું બધું થાળી ભરીને ખાય છે ને થાક શેનો લાગે ? જતીનને તપાસતા મને થોડી શંકા પડી મેં બેનને કહ્યું તમે જતીન થોડા લોહી–પેશાબનાં રીપોર્ટ કરાવી લો , બેને નાં પાડી સાહેબ એવા રીપોર્ટ નથી કરાવવા તમે એને કૃમિ માટે કાઈ કડવાણી આપી દો ને, મેં બેનને ખુબ સમજાવ્યા કે જતીનનાં રીપોર્ટ કરવા માટે બેન નો માન્યા, બે મહિના પછી બેન મારી પાસે જતીનને લઈ આવ્યા ત્યારે તેની પાસે જતીનનાં રીપોર્ટની ફાઈલ હતી, મેં કીધું બેન શું થયું, મને કે સાહેબ તમારી પાસેથી ગયાનાં અઠવાડિયા પછી જતીનને બહુ તાવ આવ્યો અને સાથે–સાથે બેહોશ થઈ ગયો અમે જતીનને ડોક્ટર પાસે લઈ ગયા, ડોક્ટરે જતીન નાં બધા રીપોર્ટ કરાવ્યા, જતીનનાં લોહી –પેશાબમાં એટલી બધી સુગર હતી કે, તેને તાત્કાલિક દાખલ કરી ઈન્સ્યુલિનનાં ઈન્જેક્શન આપવા પડ્યા.

મને કહે સાહેબ ડોક્ટર જતીનને કાયમ ઈન્સ્યુલિનનાં ઈન્જેક્શન લેવા પડશે એવું કહે છે, અમારે ઈન્જેક્શન નથી લેવા, કઈક એવી દવા કરી દોને કે જતીનને ડાયાબિટીસ ઝડમુળથી મટી જાય

**આ કેસ ઉપરથી આપણને શું શીખવા મળ્યું ?**

બાળકનાં શરીરમાં થતા કોઈ ફેરફારને અને વર્તનને દરેક માં–બાપે ધ્યાન પૂર્વક જોવા જોઈએ, આપણી પાસે મોબાઈલ

# *।। મધુમેહ મુક્ત ભારત – (૪) ।।*




–કોમ્પ્યુટર હોય તો તેને પણ વારવાર ફોર્મેટ મરાવીએ છીએ, હેંગ થઈ જતા હોય તો અપગ્રેડ કરાવીએ છીએ, તેની રેમ વધારીએ છીએ, પરંતુ આપણા બાળકોનું આવું ઓબ્જર્વેશન નથી કરતા, કે કેમ હમણાં રમવા નથી જાતો ? કેમ આખો દિવસ સુનમુન રહે છે ? કેમ ભણવામાં ધ્યાન નથી આપતો ? તેની દરેક બાબતને ઝીણવટ ભરી નજરે નથી જોતા, પરિણામે આવા જતીન જેવા કેસમાં જયારે ગંભીર પરિસ્થિતિમાં પહોચે છે આપણે સફાળા જાગીએ છીએ.

શરીર અને રોગ બાબતે ક્યારેય બીજા સગા–સબંધી કે પાડોશી કહે તેમનો કરીએ ડીગ્રી વાળા ડોક્ટર કે વૈધ જે કહે તે વાત જ માનીએ, કારણ શરીર એ ડોક્ટર કે વૈધનો વિષય છે તે તમને જે સલાહ આપશે તે તમારા હિતમાં જ હશે.

ડોક્ટર કે વૈધ પાસે જાવ ત્યારે નિદાન અને દવા ડોક્ટરને કરવા દઈએ આપણે આગાઉથી નિદાન કરીને નો જઈએ, કે સાહેબ મને આ રોગ થયો છે તો આવી દવા આપો ને.

અમુક રોગ માટે અમુક દવા જ લેવી તેવો આગ્રહનો રાખવો આપણા માટે શું સારૂં છે તેની નિષ્ણાંત સાથે ચર્ચા કરી એજે સલાહ આપે તે રીતે નિયમિત સારવાર ચાલુ રાખીએ.

જતીનનાં કેસમાં એવું નિદાન આવે છે કે તેણે ટાઈપ–૧ (ઈન્સ્યુલિન આધારિત) ડાયાબિટીસ છે , મતલબ કે જતીન નાં શરીરમાં ઈન્સુલીન બનતું જ નથી અથવા સાવ નહિવત બને છે જેથી તેને બહારથી ઈન્સુલીનની જરૂર પડશે. આવા સમયે હું એમ કહું કે હા આયુર્વેદ દવા લેવાથી જતીનને ઈન્સ્યુલિનની જરૂર નહિ પડે તો તે ખોટી વાત છે. હા એ ચોક્કસ કે આયુર્વેદ દવા લેવાથી જતીન સ્વસ્થ્યાર્યુ જીવન જીવી શકશે અને તેને ડાયાબિટીસને લીધે બીજા કોઈ કોમ્લીકેશન નહિ થાય, બીજું કે ડાયાબિટીસ યાપ્ય રોગ છે (cotrolabble deases), ઝડમુળથી ક્યારેય મટી નો જાય

**મર્મ બિંદુ :** દેશી દવા પણ દવા જ છે ક્યારેય નિષ્ણાંત અને ડીગ્રી વગરના વૈધ ની સલાહ વગર લેવી જોખમકારક બને છેઉ

દર બે માંથી એક ડાયાબિટીસનાં દર્દીને ખબર જ હોતી નથી કે તેને ડાયાબિટીસ (ટાઈપ–૨) છે, જયારે અન્ય કોઈ બિમારીને કારણે લોહી – પેશાબની તપાસ કરાવે ત્યારે જ મોટાભાગના દર્દીને ખબર પડે છે કે તેમને ડાયાબિટીસ છે.

હોસ્પિટલમાં દર્દી સારવાર લેવા આવે અને જયારે પ્રથમવાર તેને ખબર પડે કે ડાયાબિટીસ છે ત્યારે મોટાભાગના દર્દી શરૂઆતમાં માનવા જ તૈયાર હોતા નથી કે તેમને ડાયાબિટીસ છે .

આજથી લગભગ ત્રણેક વર્ષ પહેલા મુંબઈ નિવાસી મંગળાબેન (દર્દીનું નામ બદલાવેલ છે) મારી પાસે તેમના વાળ બહુ જ ખરતા હતા તેની દવા લેવા આવ્યા હતા, મંગળાબેનનું વજન ૭૫ કી.ગ્રા. હતું , ખાધે–પીધે સુખી–સંપન્ન ઘરના હશે તેવું લાગતું હતું , બેને આવીને મને જે ફરિયાદ કરી કે સાહેબ વાળ ખુબ જ ખરે છે, વાળ લટુને લટુ ખરે છે, આજ સુધી વાળની કેટલીય સારવાર કરાવી, તોય વાળ ખરતા બંધ થતા નથી, ગમે તેટલા સારા શેમ્પુ કે કંડીશનર વાપરૂં વાળ સારા જ થતા નથી, હું હમણા અમરેલી રોકાવાની છુ વાળ માટે મેં શિરોધારા વિષે સાંભળ્યું છે તમે મને શિરોધારા કરાવી દો ને.

મેં મંગળાબેનને ધ્યાનથી તપાસ્યા મને તેના પગ ઉપર થોડા સોજા દેખાણા, આંખો ઉપર પણ થોથર જામેલી હતી, મેં બેનને પૂછ્યું પગમાં ખાલી ચડે છે, મને કે પગમાં જણજણાટી થાય છે, મુસાફરી કે એવું કરૂં તો પગમાં સોજા ચડી જાય છે, મને થોડી શંકા પડી મેં પેશાબ વિષે પૂછ્યું, મને કહે પેશાબમાં વારવાર ખંજવાળ આવ્યા કરે છે, મોઢામાં પણ વાસ આવે છે, મેં કહ્યું બેન તમે વાળની અત્યાર સુધી એટલી બધી ટ્રીટમેન્ટ કરાવી કોઈ ડોક્ટર સાહબે તમારા કોઈ રિપોટ્ર્સ નથી કરાવ્યા, મને કે સાહેબ પણ મને આજ સુધી કોઈ શરીરમાં તકલીફ જ થઈ નથી તો રિપોટ્ર્સ શું કરાવું ? ડોક્ટર પાસે વાળની ફરીયાદ લઈને જાવ એટલે દવા, શેમ્પુ, લોશન આવું બધુ આપી દે,

મેંબેનને લોહી–પેશાબ નાંરિપોટ્ર્સ કરાવવાની સલાહ આપી, અને બેનનું બ્લડ સુગર ૩૦૦ આવ્યું, રિપોટ્ર્સ જોઈ બેન માનવા જ તૈયાર નહોતા કે તેને ડાયાબિટીસ છે, મને કે સાહેબ આજસુધી મને ગમે તેવું વાગે તોઈ પાકતું નથી, મને ગળ્યું ભાવતું જ નથી તો મને ડાયાબિટીસ ક્યાંથી હોય ?

મેં બેનને થોડું વિગતવાર તેની દિનચર્યા વિષે પૂછ્યું, મને કે સાહેબ મારા લગ્ન થયા ત્યારે મારૂં વજન ૪૫ કી.ગ્રા. હતું, હવે ઘરે કાઈ કામ હોતું નથી આખો દિવસ આરામ જ હોય છે, અમારૂં સોશિયલ ગ્રુપ છે તેની એકટીવિટી કરૂં છુ એમાં પણ અઠવાડિયામાં ત્રણ વાર બધા ભેગા થાય એટલે થોડું કટક–બટક કર્યા કરીએ.

આ ઉપરાત ડાયાબિટીસનાં દર્દીમાં અમને જે લક્ષણ પ્રયાન માં આવ્યા છે તેમાં વારવાર થતો ચામડી નો રોગ , ગમે તેટલું પાણી પીવા છતાં મોઢું સુકાયા જ કરે, કારણ વગરનો થાક આ બધા લક્ષણ અને બહેનોમાં અકાળે ખરતા વાળ ખુબજ અગત્યનું લક્ષણ છે.

મંગળાબેનને કેસ ઉપરથી આપણે એક વાત શીખવાની જરૂર છે કે ૪૦ વર્ષ પછી, કાઈ તકલીફ નો હોય તો પણ નિયમિત મેડીકલ ચેકઅપ કરાવવું જરૂરી છે. બીજું આપણે એવું માનીયે છીએ કે આપણને કાઈ વાગે ને પાકે નહિ તો ડાયાબિટીસ નથી એવુંઆપણે સમજતા હોઈએ છીએ, ગળ્યું નો ખાતા હોય એટલે ડાયાબિટીસનો થાય એ આપણી ગેરમાન્યતા છે, ઘણીવાર કોઈ વ્યકિતને શરૂઆતમાં રિપોટ્ર્સમાં ડાયાબિટીસ આવ્યા પછી, બીજીવાર ઓછુ આવે કે નો આવે તો એવું નો સમજવું કે ડાયાબિટીસ નથી. મેડીકલ સાયન્સમાં નોર્મલ રિપોટ્ર્સનું મહત્વ જ નથી, તમારા રિપોટ્ર્સમાં એક વાર ડાયાબિટીસ આવે એનો અર્થ છે કે તમારા શરીરમાં અમુક સમયે સુગર વધી જાય છે એટલે તમારા ડોક્ટર કે વૈધ જે સલાહ આપે તે રીતે વર્તવું તમારા હિતમાં છે.

ડાયાબિટીસનાં દર્દીમાં પ્રવર્તતી ગેરમાન્યતાઓ : હોસ્પિટલમાં ડાયાબિટીસનાં કોઈ દર્દી આવે અને અમે કહીએ કે શું નિયમિત સારવાર કરો છો એટલે વટ થી કે સાહેબ ખાલી કડવાણી લવ છું , ભાત–બટેટા ખાતો નથી , રોજ યોગને કસરત કરૂં છુ એટલે મને સાવ સાઢં જ રહે છે, આ સારૂં રહે છે તે આપણી ગેરમાન્યતા છે આવા દર્દી ક્યારેય વ્યવસ્થિત કોઈ સારવાર કે નિયમિત તપાસ કરાવતા હોતા નથી, પરિણામે લાંબા સમયે ડાયાબિટીસને કારણે શરીરના બીજા બધા અંગોમાં ખુબ નુકશાન થઈ ગયું હોય છે.

**મર્મ બિંદુ :** જયારે તમે કોઈ મોટી મુશ્કેલીમાં સપડાવ અને બધું જ તમારી વિરૂધ્ધ જતું લાગે; અરે ! એટલે સુધી કે હવે એક મીનીટ પણ ટકી રહેવું અશક્ય લાગે ત્યારે તો તમારી વાતને ખાસ વળગી રહેજો કેમ કે કદાચ એ જ સ્થળે અને એ જ ક્ષણ તમારી મુશ્કેલીમાં ઓટ આવવી શઢ થવા લાગે ! (મારો ગત અઠવાડિયાનો અનુભવ)

**(ક્રમશ :)**

### બ્રહ્મસમાજનાં અગ્રણી ભગીરથ ત્રિવેદી, તેજસ ત્રિવેદી અને રાજન જાનીએ

# અમરેલીમાં આજે ભગવાનશ્રી પરશુરામજીનાં પ્રાગટ્ય મહોત્સવમાં સૌને જોડાવવા અનુરોધ કર્યો

## શોભાયાત્રા, મહાઆરતી સહિતનાં કાર્યક્રમોમાં જોડાવવા સર્વે બ્રહ્મસમાજ અને ભક્તજનોને અનુરોધ કર્યો





અમરેલી, તા. ૧૮

અમરેલી શહેરમાં આવતીકાલ રવિવારે ભગવાન શ્રી પરશુરામજીનાં પ્રાગટય દિવસની આસ્થા અને ઉત્સાહભેર ઉજવણી થવાની હોય જેની તડામાર તૈયારીઓ શરૂ થઈ ચુકી છે. જેઅંતર્ગત પૂર્વસંધ્યાએ લોકડાયરો યોજાયા બાદ આવતીકાલે પણ અનેકવિધ કાર્યક્રમો યોજાશે.

જેમાં રવિવારે સાંજે ૪:૩૦ કલાકે ભવ્ય શોભાયાત્રાનું પ્રસ્થાન શ્રી નાગનાથ મહાદેવ મંદિરથી થશે અને સાંજે ૭:૩૦ કલાકે મહાઆરતી યોજાશે. આ તમામ કાર્યક્રમોમાં સર્વ બ્રહ્મસમાજ અને ધાર્મિકજનોને ઉપસ્થિત બ્રહ્મસમાજનાં અગ્રણી ભગીરથ ત્રિવેદી, તેજસ ત્રિવેદી અને રાજન જાનીએ અનુરોધ કરેલ છે.

### જિલ્લા ભાજપ પ્રમુખ અતુલ કાનાણી દ્વારા

# અમરેલી જિલ્લાની ૬ પાલિકાની ચૂંટણીને લઈને ઈન્ચાર્જની નિમણુંક

## પાલિકામાં ભાજપનો વિજય ધ્વજ લહેરાશે

અમરેલી, તા. ૧૮

સ્થાનિક સ્વરાજયની ચૂંટણી ૨૦૨૬ અંતર્ગત અમરેલી જિલ્લામાં ભારતીય જનતા પાર્ટીનો ભવ્ય વિજય નિશ્ચિત કરવા માટે સંગઠન દ્વારા આયોજનબધ્ધ તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી દ્વારા નગરપાલિકા સ્તરે ભાજપને પ્રચંડ બહુમતી મળે અને ચૂંટણીલક્ષી કામગીરીનું ચોકસાઈપૂર્વક સંચાલન થાય તે હેતુથી જિલ્લાની મુખ્ય નગરપાલિકાઓમાં ખાસ ઈન્ચાર્જઓની નિમણૂંક કરવામાં આવી છે.

અમરેલી, સાવરકુંડલા, ધારી, બગસરા, દામનગર અને બાબરા નગરપાલિકા માટે નિમણુંક પામેલા આ ઈન્ચાર્જઓ આગામી દિવસોમાં પાયાના સ્તર સુધી જઈને ચૂંટણીલક્ષી વ્યવસ્થાઓ સંભાળશે.

જિલ્લા પ્રમુખ અતુલભાઈ કાનાણીએ જણાવ્યું હતું કે, અમરેલી જિલ્લાની જનતામાં રાષ્ટ્રહિત અને



વિકાસની રાજનીતિને લઈને અનેરો ઉત્સાહ છે. ઉર્જામંત્રી કૌશિકભાઈ વેકરિયા, સાસંદ ભરતભાઈ સુતરિયા તેમજ ધારાસભ્યો મહેશભાઈ કસવાલા, જે.વી. કાકડીયા, જનકભાઈ તળાવીયા અને હીરાભાઈ સોલંકીના સબળ નેતૃત્વમાં સમગ્ર જિલ્લામાં પ્રચાર અભિયાન વેગવંત બન્યું છે.

નગરપાલિકા, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની તમામ બેઠકો પર ભાજપનો વિજય થશે અને કમળ સર્વત્ર ખીલશે તેવો અતૂટ વિશ્વાસ જિલ્લા ભાજપ પ્રમુખે વ્યકત કર્યો છે.

### જિલ્લા મેજિસ્ટ્રેટનાં વોરંટનાં આધારે કાર્યવાહી

# અમરેલી : શરીર સબંધી ગુન્હામાં સંડોવાયેલ ૨ ઈસમની ''પાસા'' હેઠળ અટકાયત

## રાજુલા અને સિહોર પંથકનાં ૨ ઈસમો વિરૂધ્ધ કાર્યવાહી




અમરેલી, તા. ૧૮

રાજુલા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ. વી.એમ. કોલાદરાએ અમરેલી જિલ્લામાં શરીર સંબંધી ગુનાઓમાં સંડોવાયેલ ઈસમ વિરૂધ્ધ પાસા અંગે દરખાસ્ત તૈયાર કરી પોલીસ અધિક્ષક અમરેલીનાઓ મારફતે જિલ્લા મેજીસ્ટ્રેટ અમરેલી તરફ મોકલી આપવામાં આવેલ હોય. જે અન્વયે અમરેલી જિલ્લા મેજિસ્ટ્રેટ વિકલ્પ ભારદ્રાજએ રાજુલા ગામે આવેલ ખડપીઠ વિસ્તારમાં રહેતાં ઘેલા કાનાભાઈ ખાંભલા નામનાં ઈસમ વિરૂધ્ધ કરવામાં આવેલ દરખાસ્ત માન્ય રાખતા અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. સી.પી. વાઘેલાએ આ ઈસમને પાસા વોરંટની બજવણી કરી મધ્યસ્થ જેલ વડોદરા ખાતે મોકલી આપવામાં આવેલ છે.

જયારે બીજા બનાવમાં અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. સી.પી. વાઘેલાએ અમરેલી જિલ્લામાં મિલકત સંબંધી ગુનાઓમાં સંડોવાયેલા ભાવનગર જિલ્લાનાં સિહોર, રામનગર સોસાયટીમાં રહેતાં વિજય ઉર્ફે કાદર હિંમતભાઈ મકવાણા નામનાં ઈસમ વિરૂધ્ધ પાસા અંગે દરખાસ્ત તૈયાર કરી પોલીસ અધિક્ષક અમરેલી મારફતે જિલ્લા મેજીસ્ટ્રેટ અમરેલી તરફ મોકલી આપવામાં આવેલ હોય. જે અન્વયે અમરેલી જિલ્લા મેજિસ્ટ્રેટ વિકલ્પ ભારદ્રાજએ વિજય ઉર્ફે કાદર હિંમતભાઈ મકવાણા નામનાં ઈસમ વિરૂધ્ધ કરવામાં આવેલ દરખાસ્ત માન્ય રાખેલ હોય. જેથી આ ઈસમને પાસા વોરંટની બજવણી કરી મહેસાણા જિલ્લા જેલ ખાતે મોકલી આપવામાં આવેલ છે.

### સ્થાનિક પોલીસે કરી કાર્યવાહી

# લાઠીનાં સરકારી દવાખાનાનાં પાછળનાં ભાગેથી વિદેશી દારૂની ૨૩૮ બોટલ ઝડપાઈ

## ઝડપાયેલ કાર કોન્ટ્રાકટબેઈઝ કર્મચારીની હોવાની માહિતી

અમરેલી, તા. ૧૮

લાઠીનાં સરકારી દવાખાનાનાં પાછળનાં ભાગેથી સ્થાનિક પોલીસે વિદેશી દારૂની ૨૩૮ બોટલ કિંમત રૂપિયા ૭૫૫૮૨ ની ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી હાથ ધરેલ છે.

સરકારી દવાખાના પાછળ પાર્કથયેલ કારમાંથી દારૂ ઝડપાતા તે કાર દવાખાનામાં કોન્ટ્રાકટ બેઈઝ કામ કરતાં કર્મચારીની હોવાની માહિતી સામે આવી હતી.



### અમરેલીનાં લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કુલ અને કોલેજનો સત્ર સમાપન કાર્યક્રમ યોજાયો



અમરેલી, તા. ૧૮

લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કુલ કોલેજ હોસ્ટેલ અમરેલી, ખાતે સત્ર સમાપનનો કાર્યક્રમ ઉત્સાહ પૂર્વક યોજાયો હતો. જેમાં વિદ્યાર્થીનીઓએ હોસ્ટેલ, શાળા અને કોલેજમાં મળતી સુવિધાઓ, શિક્ષણની ગુણવત્તા અંગે પોતાના અનુભવ વ્યક્ત કર્યા હતા. અંતે સૌએ સાથે મળીને આઈસક્રીમનો આનંદ લઈ કાર્યક્રમ પુર્ણ કર્યો.

### બસનાં સ્ટીયરીંગનો રોડ તૂટી જતાં

# ગોપાલગ્રામની સ્કૂલ બસનો અકસ્માત થતાં ૮ થી ૧૦ વિદ્યાર્થીઓ ઈજાગ્રસ્ત

## ટ્રસ્ટીઓએ જરૂરી તમામ મદદ પહોંચતી કરી



અમરેલી, તા. ૧૮

ધારી તાલુકાના ગોપાલગ્રામ નજીક આજે સવારે એક ખાનગી સ્કૂલ બસને અકસ્માત નડતા આ બનાવમાં બસમાં સવાર વિદ્યાર્થીઓને નાની મોટી ઈજાઓ થયાનું જાણવા મળેલ છે.

આ બનાવમાં ધારી તાલુકાના ગોપાલગ્રામ ગામની એક ખાનગી સ્કૂલની વિદ્યાર્થીઓથી ભરેલી બસ આજે વ્હેલી સવારે ચલાલાથી ગોપાલગ્રામ તરફ જઈ રહી હતી ત્યારે આ અકસ્માત સર્જાયો હતો.

માહિતી મુજબ સ્કૂલ બસનો સ્ટેરીંગમાં આવતો રોડ કોઈ કારણોસર તૂટી જતા ડ્રાઈવરે કાબૂ ગુમાવી દીધો હતો અને આ બસ રોડ પરથી નીચે ઉતરી ગઈ હતી અને અકસ્માતમાં અંદાજે ૮ થી ૧૦ જેટલા વિદ્યાર્થીઓને નાની મોટી સામાન્ય ઈજાઓ પહોંચી હતી.

આ બનવાની જાણ સ્થાનિક આગેવાનોને ઈજાગ્રસ્ત વિદ્યાર્થીઓને તરત જ ચલાલા સરકારી હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. જયારે ૫ જેટલા ગંભીર રીતે ઈજાગ્રસ્ત વિદ્યાર્થીઓને વધુ સારવાર માટે અમરેલી ખસેડવામાં આવ્યા હતાં. સ્થાનિક પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી તપાસ હાથ ધરી હતી.આ અંગે સ્કૂલનાં ટ્રસ્ટી પ્રતાપભાઈ વાળાએ જણાવ્યું હતું કે, આજરોજ ગોપાલગ્રામ ઝાટકીયા હાઈસ્કૂલની સ્કૂલ બસ ચલાલાથી ગોપાલગ્રામના રસ્તા પર સાઈડમાં ઊતરી ગઈ હતી જેના કારણે વિદ્યાર્થીઓ અને ડ્રાઈવરને સામાન્ય ઈજાઓ થઈ હતી. આ સમાચાર સ્કૂલના સ્ટાફ અને ટ્રસ્ટી મંડળને મળતા તરત જ બધા જ સ્થળ ઉપર હાજર થઈ દરેક વિદ્યાર્થીઓને વ્યકિતગત પુછપરછ કરીને જે વિદ્યાર્થીઓને ઈજા પહોંચી હતી એને તત્કાલ ચલાલા અને ત્યારબાદ અમરેલી સારવાર અર્થે પહોંચાડી દીધેલા હતા. ત્યારે પણ ટ્રસ્ટીઓ અને સ્ટાફગણ સાથે જ હતો દરેક વિદ્યાર્થીઓના વાલીઓ પણ હાજર રહ્યા હતા અને આ બસની સેવા ટ્રસ્ટ દ્વારા બિલકુલ ફ્રી છે હાલ તમામ ઈજાગ્રસ્તો સૌ કુશળ છે ખોટી અફવાઓથી દૂર રહેવા વિનંતી તેમ જણાવાયુ છે.

### આચારસંહિતાનો ભંગ થયો હોય કાર્યવાહી જરૂરી

# લ્યો બોલો : ધારીમાં પાલિકાની ચૂંટણીને લઈને શાળાની દીવાલ પર બેનરો લાગ્યા

## શહેરીજનોમાં બેનરોને લઈને ચર્ચા જાગી



અમરેલી, તા. ૧૮

ધારી નગરપાલિકાની ચૂંટણીનું પ્રચાર કાર્ય પુરજોશમાં શરૂ થયું હોય કોઈ રાજકીય પક્ષે શાળાની દીવાલ ઉપર પ્રચારનાં બેનર લગાવીને આદર્શ આચાર સંહિતાનો ભંગ કર્યો હોય ચૂંટણી વિભાગે જરૂરી કાર્યવાહી કરવી જરૂરી બની છે.

શાળાની દીવાલો ઉપર બેનરો નિહાળીને શહેરીજનોમાં પણ આશ્ચર્યની લાગણી ઉભી થઈ છે.

### શાસ્ત્રી ડો. કૃષ્ણકુમાર મહેતાનાં શ્રીમુખેથી

# ધારી ખાતે જીવનમુકતેશ્વર મંદિરે આગામી ૨૧ થી ૨૭મે સુધી શ્રીમદ્ ભાગવત સપ્તાહ

## કથા શ્રવણ સવારના ૯ થી બપોરનાં ૧૨:૩૦ સુધી

અમરેલી, તા. ૧૮

સૌરાષ્ટ્ર અમરેલી જિલ્લાના ધારીમાં સુપ્રસિધ્ધ યાત્રાધામ જીવનમુકતેશ્વર મહાદેવ આશ્રમમાં અધિક (પુરૂષોત્તમ) માસમાં તા. ૨૧ થી ૨૭ મે સુધી સામૂહિક ૫૧ પોથીજી શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ પારાયણનું આયોજન કરેલ છે. જેમાં વકતાપદે ભાગવતાચાર્ય મનહરલાલજી મહારાજના પુત્ર શાસ્ત્રી ડો. કૃષ્ણકુમાર મહેતા (M.sc., M.Ed, Ph.D.) સંગીતમય શૈલીમાં અધ્યાત્મ અને વિજ્ઞાનનો સમન્વય કરીને ભાગતવજીના રહસ્યોનું સરળ સમજૂતી સાથે વર્ણન કરશે. તેમજ શુધ્ધ કથા, મૂળ–શાસ્ત્રોકત કથાની ત્રણ પેઢીની પરંપરાને અનુસરીને બોધદાયી કર્તવ્ય નિભાવશે. કથામાં વરાહનારાયણ, સતી ચરિત્ર, ધ્રુવ ચરિત્ર, નૃસિંહ, પ્રાગટય, વામનજન્મ, રામજન્મ, કૃષ્ણ જન્મ, ભવ્ય નંદમહોત્સવ, બાળલીલા, ગીરીરાજ ઉત્સવ, ગોપીગીત, રૂકમણી વિવાહ, સુદામા ચરિત્ર વગેરે પ્રસંગો ભાવપૂર્વક ઉજવાશે. તા. ૨૭ના કથાની પૂર્ણાહુતિ થશે. કથા શ્રવણનો સમય પ્રતિદિન સવારે ૯:૦૦ થી ૧૨:૦૦નો રહેશે. કથા દરમ્યાન સંતો–મહંતોના આર્શીવચન, નિઃશુલ્ક નિદાન સારવાર કેમ્પ, વ્યસન મુકિત કેમ્પ, જળસંચય અભિયાન વગેરેનું આયોજન થશે. કથામાં ધારીના સામાજિક અગ્રણીઓ, વ્યાપારીઓ, વિવિધ સંસ્થાઓના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહેશે. પુ. ગિરધરબાપા અને પુ. મનહરલાલજી મહારાજના આજીવન તપના પરભાવથી સિધ્ધ પવન સ્થળે પવિત્ર પુરૂષોત્તમ માસમાં આયોજિત આ કલ્યાણકારી સામૂહિક ભાગવત કથામાં મુખ્ય યજમાન, પાટલા–પોથીજીના યજમાન કથાના વિવિધ પ્રસંગોના યજમાન, દાતાઓ નોંધાય છે. જેને માટે હિંમતભાઈ સેવક મો. ૯૫૩૭૩ ૪૬૫૮૨, ૯૮૯૮૩૧૮૨૮૬ પર સંપર્ક કરવાનો રહેશે. આ ભાગવત સપ્તાહમાં નબાપરાના ધારીના સર્વે અગ્રણીઓનો સાથ સહકાર પ્રાપ્ત થઈ રહ્યો છે તેમ જીવન મુકતેશ્વર મહાદેવ આશ્રમની યાદીમાં જણાવાયું છે.

### શ્રી તાપડીયા આશ્રમ ખાતે

# બાબરામાં આજે ગૌરક્ષકો અને પત્રકારનું સન્માન કરાશે

## શ્રીમદ્ ભાગવત સપ્તાહ અંતર્ગત થશે સન્માન

બાબરા, તા. ૧૮

બાબરા તાપડિયા આશ્રમ ખાતે પરમ પૂજય ૧૦૦૮ મહામંડલેર ઘનશ્યામદાસજી મહારાજ ગુરૂ દયારામદાસજી મહારાજ શ્રી નાં સાનિપ્રય માં આજે તારીખ ૧૯/૦૪/૨૦૨૬ના રોજ સૌરાષ્ટ્ર ગુજરાતના ગૌરક્ષકોનું તથા સ્થાનિક પત્રકારોના ભવ્ય સન્માનનો કાર્યક્રમ ૨૫/૦૪/૨૦૨૬ રાજ પોપટ પરિવાર મુંબઈ દ્વારા શ્રીમદ્ ભાગવત સાપ્તાહનું આયોજનમાં આ સન્માન કાર્યક્રમનું આયોજન કરાયું છે તારીખ ૧૯/૦૪/૨૦૨૬ને રવિવારના રોજ સાંજે સૌરાષ્ટ્ર ગુજરાત નાંગે રક્ષકો કે જે પોતાના જીવનને જોખમમાં મૂકી મૂંગા અબોલ પશુધનને બચાવી ગૌ રક્ષા કરી રહ્યા છે તેવા ગૌ રક્ષકોનાં સન્માનનું પણ એક સુંદર આયોજન કરવામાં આવેલ છે. રસપાન કરાવશે શ્રીમદ્ ભાગવત સપ્તાહમા અને આ સન્માન કાર્યક્રમનો લોકોને લાભ લેવા રાજપોપટ પરિવારનાં વડીલ મોભી વિનુભાઈ રાજપોપટ દ્વારા અનુરોધ કરાયો છે.

### માર્કેટયાર્ડમાં એ.આર.ટી.ઓ દ્વારા

# ધારી ખાતે ૬૦ જેટલા એગ્રીકલ્ચર વાહનોમાં રેડીયમ રીફલેકટર લગાવાયા

## વાહન અકસ્માત નિવારણ અર્થે ઉત્તમ કાર્ય



અમરેલી, તા. ૧૮

પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીની કચેરી દ્વારા તારીખ ૧૮/૦૪/૨૦૨૬ શનિવારના રોજ ધારી માર્કેટીંગ યાર્ડ ખાતે આવેલા ૬૦ જેટલા ટ્રેકટર, સનેડાને રેડીયમ રીફલેકટર વિનામૂલ્યે લગાવવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

ગામડાંઓના રોડ રસ્તા પર સ્ટ્રીટ લાઈટ ન હોય રાત્રે પસાર થતા ટ્રેકટર, ટ્રોલી, છકડા જેવા વાહનોમાં પણ સાઈડ લાઈટ, પાર્કીગ લાઈટ હોતી નથી. રેડીયમ રીફલેકટર વાહનોમાં લાઈટની માફક કાર્ય કરે છે, એગ્રીકલ્ચર વાહનો જેમાં લાઈટ હોતી નથી તે વાહનોમાં રેડિયમ રાત્રે રસ્તાઓ પર જયારે વાહન ચાલતું હોય અને રસ્તા પર લાઈટ ના હોય અને વાહનમાં પણ લાઈટ ના હોય ત્યારે અકસ્માતનો ભય રહે છે. જેથી રેડિયમ રિફલેક્ટર લાઈટ તરીકે કાર્ય કરશે અને દૂરથી વાહન દેખાશે વિજિબિલીટીમાં વધારો થતા માર્ગ અકસ્માતો ઘટશે.

એગ્રીકલ્ચર વાહનોમાં રેડીયમ રીફલેકટર લગાવેલા હોય તો માર્ગ અકસ્માતમાં ઘટાડો થઈ શકે. રેડીયમ રીફલેકટર લગાવવાની કામગીરી અમરેલી જિલ્લાના બાકી રહેતા તમામ તાલુકાના એ.પી.એમ.સી. ખાતે રેડીયમ રીફલેકટર લગાવવાનાં કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે અમરેલી પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી (ઈન્ચાર્જ)એ એક યાદીમાં જણાવ્યું છે.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

શ્રી વિવેક વિદ્યા વિકાસ ટ્રસ્ટ અમરેલી સંચાલિત
(સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તથા સરકાર માન્ય, સ્વનિર્ભર)
શ્રી એમ.ડી. સીતાપરા કોમર્સ કોલેજ-અમરેલી
ઓમનગર નં.-૩, જી.આઈ.ડી.સી., લાઠી રોડ, અમરેલી - ૩૬૫૬૦૧
મો. ૯૮૨૫૯ ૩૮૦૪૮
શૈક્ષણિક વર્ષ : ૨૦૨૬-૨૭ થી આ કોલેજમાં બી.એ. (વિનિયન વિદ્યાશાખા) માટે નીચે મુજબની જગ્યા માટે
યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે.
પૂર્ણ સમયનાં વ્યાખ્યાતા ( બી.એ.)
(લાયકાત બી.એ., એમ.એ. ૫૫ %)
૧. અંગ્રેજી
૨. હીન્દી
૩. ગુજરાતી
૪. અર્થશાસ્ત્ર
૫. સંસ્કૃત
૬. મનોવિજ્ઞાન
૭. સમાજશાસ્ત્ર
ઉપરોક્ત વિષયો માટે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી તથા સરકારશ્રીના નિયમ મુજબ યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારોએ પ્રમાણપત્રોની પ્રમાણિત નકલો સાથે ઉપરના સરનામે જાહેરાત પ્રસિધ્ધ થયેથી દિન - 10 માં અરજી મોકલવાની રહેશે. ( Ph.D ) અને ( NET/SLET ) પાસને અગ્રતાક્રમ આપવામાં આવશે.
વધુ માહિતી માટે સંપર્ક
ડો. એસ.પી. સિતાપરા
પ્રિન્સીપાલ
મો. ૯૪૨૬૨ ૪૩૨૫૦
શ્રી ભરતભાઈ પટેલ
ટ્રસ્ટી
મો. ૯૮૨૪૨ ૩૫૨૭૦

## અમરેલીનાં ડો. કાનાબારને મહંત કાનાબાર કહેવાનું મન થાય : પૂ. વલકુબાપુ

# અનુકંપા ફાઉન્ડેશનની યાત્રા પ્રવાસની કામગીરી શ્રેષ્ઠ

ડો. કાનાબાર ૨૧મી સદીનાં શ્રવણની ભૂમિકા અદા કરી રહ્યા છે : પૂર્વ મંત્રી હકુભા

૨૫૦ વડીલો સાથે પ્રસ્થાન થયેલ યાત્રા પ્રવાસ હેમખેમ પરત

સોમનાથ, વીરપુર, દ્વારકાનાં પ્રવાસથી વડીલો ખુશખુશાલ થઈ ગયા

અનુકંપા ફાઉન્ડેશનનાં તમામ કાર્યકર્તાઓને આશિર્વાદ પાઠવ્યા



અમરેલી, તા. ૧૮

અનુકંપા ફાઉન્ડેશન દ્વારા અમરેલી જીલ્લાના સીનીયર સીટીઝનોને સોમનાથ–દ્વારકાની ત્રણ દિવસની જાત્રા કરાવવાનું અભિયાન ચાલે છે. ડો. ભરત કાનાબારના નેતૃત્વમાં આ સંસ્થા દ્વારા તા. ૧૩મીએ રવાના કરાયેલ ૨૫૦ યાત્રિકો સાથેની પાંચ બસ તા. ૧૫મીના બુધવારે રાત્રે સુખરૂપ અમરેલી પરત આવી છે.

આ અગાઉ તા. ૧૩મી એપ્રિલે અમરેલી લોહાણા મહાજનવાડીમાં દાનબાપુની જગ્યાના ગાદીપતિ પૂ. વલકુબાપુની નિશ્રામાં અને ગુજરાત સરકારના પૂર્વ કેબીનેટ મંત્રી હકુભાઈ (ધર્મેન્દ્રસિંહજી) જાડેજાની ઉપસ્થિતિમાં આ બસોને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવવામાં આવેલ.

યાત્રાળુઓને શુભકામના પાઠવતાં ગુજરાત સરકારના પૂર્વ મંત્રી હકુભા જાડેજાએ તેમને મળેલ આ તકનો પુરો ઉપયોગ કરવાનો આગ્રહ કરતાં કહયું કે, સતયુગમાં ભગવાનને પ્રસન્ન કરવા ચૌદ વરસ તપ કરવું પડતું પણ કળિયુગમાં થોડા જ ધર્મધ્યાનથી ઈશ્વરની કૃપા મળે છે. તેમણે અનુકંપા ફાઉન્ડેશનના આ અભિયાનને બિરદાવતાં ૮૫૦ વડીલોને જાત્રા કરાવનાર ડો. કાનાબારને આધુનિક શ્રવણ કહયા હતા.

પૂ. વલકુબાપુએ યાત્રાળુંઓને તેમની યાત્રા નિર્વિઘ્ને પુરી થાય તેવા આશીર્વચન પાઠવવાની સાથે સોમનાથ–દ્વારકા જેવા અતિપવિત્ર સ્થળોનો તેમને એક સાથે અને આટલા સમુહમાં લાભ મળે છે તે માટે યાત્રિકોને નસીબદાર કહયા હતા. પ્રવચનના અંતમાં બાપુએ તેમની આગવી શૈલીમાં ઉપસ્થિત બધાને કહયું કે આવા બધા સેવાકાર્યો કરતાં ડો. કાનાબારને હવેથી આપણે મહંત કાનાબાર કહીશું ?

આ કાર્યક્રમમાં દાતા પરિવારો વતી પૂર્વ સાંસદ નારણભાઈ કાછડીયા, અમરેલી યાર્ડ અને નાગરિક બેન્કના પૂર્વ ચેરમેન પી.પી. સોજીત્રા, પૂર્વ ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ એ.ડી. મોગલ, બાહોશ ધારાશાસ્ત્રી ઉદયનભાઈ ત્રિવેદી, અજમેરા ટ્રસ્ટના રાજુભાઈ કામદાર, રાજુભાઈ માંગરોળીયા, પ્રફુલ્લભાઈ બાટવીયા તથા ભાવેશભાઈ સોઢા ઉપસ્થિત રહયા હતા.

કાર્યક્રમના પ્રારંભમાં મહેમાનોનું સંસ્થાવતી મધુભાઈ આજગીયા, એડવોકેટ ચેતનભાઈ રાવળ, નયનભાઈ જોષી (બેદી), ટોમભાઈ અગ્રાવત, તુલસીભાઈ મકવાણા, કિરણભાઈ નાંઢા, કે.કે. મિશ્રાજી (માસ્તર), એડવોકેટ રામજીભાઈ જાદવ, કિશોરભાઈ કાંક્રેચા, પેન્ટર ડી.જી. મહેતા, કિશોરભાઈ આમ્રપાલી, પાર્થભાઈ મિશ્રા, વિપુલભાઈ રાદડીયા, ખીમચંદભાઈ ચાંદ્રાણીએ સ્વાગત કર્યુ હતું.

સોમનાથ ખાતે યાત્રિકોને સહેલાઈથી દર્શન કરાવવા માટે પીએસઆઈ પરમારે ખુબ સહકાર આપ્યો હતો. એ જ રીતે દ્વારકા ખાતે અમરેલીના વતની અને હાલ દ્વારકા ખાતે ડીવાયએસપી તરીકે ફરજ બજાવતાં સાગરભાઈ રાઠોડે દ્વારકા તથા બેટ દ્વારકા ખાતે યાત્રિકોને સારી રીતે દર્શન કરી શકે તે માટે ખુબ સહકાર આપ્યો હતો. જુનાગઢ સ્વામીનારાયણ ટેમ્પલ બોર્ડના ટ્રસ્ટી રાજુભાઈ માંગરોળીયાએ જુનાગઢ તથા લોએજ સ્વામીનારાયણ મંદિરમાં યાત્રિકોના ભોજન અને વિરામની સુંદર વ્યવસ્થા કરી આપી હતી.

અમરેલી એસ.ટી. ડીવીઝનના ડીવીઝનલ કન્ટ્રોલર ભાવેશભાઈ પટેલ, અમરેલીના ડેપો મેનેજર દવે તથા મહેશભાઈ ભીમજીયાણીએ ખુબજ સાથ– સહકાર આપ્યો હતો. આ યાત્રાના ખર્ચમાં ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા પણ આંશિક મદદ મળે છે.

## ''ઘર વાળા ઈતો ઘરવાળા...''
## ૮૫ વર્ષના માજીની હૃદયસ્પર્શી કથની



અમરેલી, તા. ૧૮

અનુકંપા ફાઉન્ડેશન–અમરેલી દ્વારા અત્યાર સુધીમાં કુલ પાંચ પ્રવાસોમાં ૮૫૦ સીનીયર સીટીઝનોને સોમનાથ–દ્વારકાની યાત્રા કરાવવામાં આવી. સંસ્થાના પ્રમુખ ડો. ભરત કાનાબારના કહેવા પ્રમાણે આ યાત્રામાં આવતાં અનેક વડીલો યાત્રા દરમ્યાન અને યાત્રા પુરી થયા પછી ખાસ રૂબરૂ મળવા આવી તેમના પ્રતિભાવો વ્યકત કરતા હોય છે. આ વડીલોના આનંદ અને ખુશી ભર્યા અભિપ્રાયો સાંભળી અમારો ઉત્સાહ બેવડાય છે અને અમને નવું જોશ અને બળ મળે છે.

કેટલાંક લોકો તો એમ કહેતા હોય છે કે અમારાં દીકરાં પણ અમને આ રીતે યાત્રા ન કરાવે. કેટલાંક વડીલ બહેનો–માતાઓએ તો દુ:ખણા લઈ આશીર્વાદ આપ્યા છે. ચાર–પાંચ લોકોએ તો એમ કહયું કે આ અગાઉ અમે જીંદગીમાં કયારેય દરિયો જોયો નહોતો.

આવાં જ એક માજી જે તા. ૧૩થી ૧૫ના પ્રવાસમાં આવેલા તેમની વાત અમારાં બધાના દિલને સ્પર્શી ગઈ હતી. આ યાત્રામાં એક ૮૫ વર્ષના માજી આવેલા. જે કમરથી સાવ વાંકા વળી ગયા હતા અને માત્ર લાકડીના ટેકાથી ચાલી શકતા હતા. પરંતુ, સમગ્ર યાત્રામાં દરેક ધાર્મિક સ્થળની મુલાકાતમાં તેઓ આગળ હોય. આટલી શારીરિક મર્યાદા છતાં ખુબજ ઝડપથી ચાલી શકતા. જો કે અમારી સંસ્થાના કાર્યકર ભાવનાબેન દિનેશભાઈ વાઘેલા તેમની આ પરિસ્થિતિને કારણે સમગ્ર પ્રવાસ દરમ્યાન તેમની સાથે પડછાયાની જેમ રહેતા.

તેમનો આ ઉત્સાહ અમારાં કાર્યકર્તાઓ માટે કુતુહલનો વિષય હતો અને એટલે જ જયારે અમે તપાસ કરી તો ખબર પડી કે માજી એકલા આવેલા. વધુ પુછપરછમાં માજીએ અમે સૌ યાત્રિકોને આપેલ આઈ.ડી. કાર્ડના પાઉચમાં એક મોટી ઉંમરના પુરૂષનો ફોટો બતાવ્યો અને કહયું કે, ''આ તમારાં દાદા ત્રણ વર્ષ પહેલાં વિદાય લઈ ચુકયા છે. તેમની છેલ્લા દિવસોમાં અમે બંને સોમનાથ– દ્વારકાની યાત્રા સાથે કરીએ તેવી ઈચ્છા હતી પણ કુદરતને તે માન્ય નહોતુ અને અમે જઈ શકીએ તે પહેલાં તો એ દુનિયા છોડી જતા રહયા. તેમની આખરી ઈચ્છા પુરી કરવા હું જાત્રા માટે સથવારો શોધતી હતી અને ત્યાં મને તમારી આ સંસ્થાની જાણ થઈ. આજે હું તેમના ફોટા સાથે બા જ મંદિરોમાં દર્શન કરૂ છું અને સમગ્ર જાત્રામાં તમારાં દાદા સાથે છે.'' – પરિવારમાં બીજુ કોણ છે તેની પુછપુરછ કરતાં તેમણે કહયું કે, ''સંતાનો છે પણ ઘરવાળા ઈ ઘરવાળા...... તેની જગ્યા કોઈ પુરી શકે નહિં.'' – માજીની આ હદયસ્પર્શી કથા અમારાં આ પ્રવાસો માટે કાયમી સંભારણું બની ગયું.

વર્તમાન યુગમાં જયારે લગ્ન વિચ્છેદનું પ્રમાણ વધી રહયું છે ત્યારે ટુંકા પરિચયમાં જ ''આઈ લવ યુ'' કહેતી નવી પેઢી માટે માજીની કથની બોધપાઠ રૂપ છે. ત્રણ વર્ષ પહેલાં મૃત્યુ પામેલા પોતાના પતિની છેલ્લી ઈચ્છા પુરી કરવા આટલી ઉંમરે અને આવા ધોમધખતા તાપમાં યાત્રા કરવા નીકળેલ માજીને વંદન કરવા પડે.

પાના ૮ ઉપરનું ચાલું
### અમરેલીમાં આજે ભગવાનશ્રી પરશુરામજી

બ્રહ્મસમાજ અને સર્વો ધર્મપ્રેમીઓને જોડાવવા આહવાન કરવામાં આવેલ છે.

અમરેલી જિલ્લા સમસ્ત બ્રહ્મસમાજ ધ્વારા સમગ્ર કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે.

**મોટી કુંકાવાવ**

મોટી કુંકાવાવ ગામમાં પરંપરાગત રીતે શ્રી પરશુરામ પ્રાગટય ઉત્સવ તા. ૧૯/૪/૨૦૨૬ને રવિવારના રોજ સમસ્ત બ્રહ્મસમાજ તેમજ સર્વ સમાજનાં લોકો, આગેવાનો તેમજ વ્યાપારી ભાઈઓ નિલકંઠ મહાદેવનાં મંદિરે સવારે ૧૦:૧૫ કલાકે શ્રી પરશુરામ ભગવાનનું પૂજન, સેવા આરતી થશે તેમજ રાત્રે ૮:૩૦ કલાકે શ્રી નિલકંઠ મહાદેવ મંદિરે લોકડાયરાનું આયોજન કરેલ છે. જેમાં લોકસાહિત્યકાર બાવભાઈ ભુટકનું આયોજન રાખેલ છે. તો સર્વે બ્રહ્મસમાજ, આગેવાનો, સર્વે જ્ઞાતિજનો તેમજ વેપારી ભાઈઓને પધારવા હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવે છે. તો પધારવા અનુરોધ કરેલ છે.

**લીલીયા**

લીલીયામાં બ્રહ્મસમાજ યુવા ગૃપ ધ્વારા આવનાર ભગવાન પરશુરામ જન્મોત્સવની ભવ્ય રીતે ધાર્મિક માહોલ વચ્ચે ઉજવણી કરવામાં આવનાર છે. સમસ્ત બ્રહ્મસમાજના આગેવાનો, રાજકીય અગ્રણીઓ અને શહેરીજનો હાજર રહેશે. ૧૯ એપ્રિલનાં રોજ બ્રહ્મસમાજના કુળદેવ એવા ભગવાન પરશુરામનો જન્મોત્સવ લીલીયા ખાતે સમસ્ત બ્રહ્મસમાજ યુવા ગૃપ ધ્વારા ઉજવવામાં આવનાર છે. આ અવસરે બપોરે ૪ વાગ્યે ભીડભંજન મહાદેવ મંદિરેથી ગાયત્રી મંદિર સુધી ભવ્ય બાઈક રેલી યોજાશે અને બપોરે ૪:૩૦ વાગ્યે વડવાળા હનુમાનજી મંદિરે ભગવાન પરશુરામજીની પ્રતિમાની પૂજનવિધિ સાથે રાસ–ગરબા સાથે ઉતસવ ઉજવાશે. તેમજ સાંજે ૫:૧૫ વાગ્યે વડવાળા હનુમાનજી મંદિરેથી શોભાયાત્રા નીકળશે જે શહેરના મુખ્ય માર્ગો પરથી પસાર થઈ સાંજે ૭ વાગ્યે ગાયત્રી મંદિરે પહોંચીને સમાપ્ત થશે. અહીં મહાઆરતી બાદ સૌ માટે પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે. આ સમગ્ર કાર્યક્રમમાં બ્રહ્મસમાજના પરિવારો રાજકીય અને સામાજિક અગ્રણીઓ અને શહેરીજનો મોટી સંખ્યામાં જોડાશે તેવી અપેક્ષા વ્યકત કરવામાં આવી છે. કાર્યક્રમને સફળ બનાવવા માટે સમસ્ત બ્રહ્મસમાજ તેમજ બ્રહ્મસમાજ યુવા ગૃપનાં પ્રમુખ જયેશભાઈ મહેતાના માર્ગદર્શન હેઠળ યુવાનો ધ્વારા તડામાર તૈયારીઓ કરવામાં આવી રહી છે. તેમ ઈમરાન પઠાણની યાદીમાં જણાવેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું
### અમરેલી જિલ્લામાં એક જ દિવસમાં

કટકે કટકે મળી કુલ રૂપિયા ૯૯,૯૦૦ વગર ઓટીપીથી ટ્રાન્સફર કરી ખેડૂતને છેતરી લઈ યુવક સાથે સાયબ ફ્રોડ કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

જયારે બીજા બનાવમાં લીલીયા ગામે આવેલ કીકાણી પ્લોટ વિસ્તારમાં રહેતા વિશાલભાઈ મુકેશભાઈ વઢવાણાના પત્ની માનસીબેન પાર્ટટાઈમ નોકરી મેળવવા માટે ગુગલમાં આવે Quikr વેબસાઈટમાં પોતાની પ્રોફાઈલ બનાવતા માનસીબેનના મોબાઈલ નંબર ઉપર કોઈ અજાણ્યા શખ્સે તેમના બે અલગ અલગ મોબાઈલમાં અલગ અલગ વખતે ફોન કરી Quikr વેબસાઈટના કર્મચારી તરીકે આરોપીએ પોતાની ખોટી ઓળખ આપી માનસીબેને Quikr વેબસાઈટમાં નોકરી મેળવવા માટે બનાવેલ પ્રોફાઈલ કેન્સલ કરાવવાનું તથા એનઓસી કલીયર કરાવવાનું કહી તેણીને નોકરી આપવાની લાલચ આપી નોકરી મળ્યેથી એનઓસીનાં પૈસા રીફન્ડ થઈ જશે તેમ કહી તેણીને ભોળવી તેણીના યુનિયન બેંકના એકાઉન્ટમાંથી ગુગલ પે મારફતે અલગ અલગ રૂપિયા ૩૯૫૦ ટ્રાન્સફર કરાવી લઈ છેતરપીંડી કાર્યની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

### સ્થાનિક સ્વરાજયની ચૂંટણી અંતર્ગત
## અમરેલી શહેરમાં ભરાતી રવિવારી બજારને બંધ રાખવાનો નિર્ણય

**સેન્ટર પોઈન્ટથી હરિરામ ચોક સુધી માર્ગનુ કામ શરૂ**

અમરેલી, તા. ૧૮

આગામી તા. ૨૬ એપ્રિલ, ૨૦૨૬ રવિવારના રોજ સ્થાનિક સ્વરાજયની ચૂંટણી યોજાવાની છે. હાલમાં અમરેલી શહેરમાં સેન્ટર પોઈન્ટથી હરીરામ બાપાચોક તરફ જવાના માર્ગે રસ્તાનું ખોદકામ શરૂ છે અને નવો રસ્તો બનતો હોવાથી ટ્રાફિક સમસ્યા નિવારવા મતદાનના દિવસે રવિવારી બજાર બંધ રાખવામાં આવશે.

મતદાનના દિવસે એક માર્ગીય માર્ગ પર ટ્રાફિકની સમસ્યા ન સર્જાય અને કાયદો વ્યવસ્થા જળવાય તેથી અમરેલી નગરપાલિકા દ્વારા બજાર બંધ રાખવામાં આવશે જેની જાહેર જનતાને નોંધ લેવા માટે ચીફ ઓફિસર, અમરેલી નગરપાલિકાએ એક યાદીમાં જણાવ્યું છે.

પાના ૮ ઉપરનું ચાલું
### જ્ઞાતિ પુછીને માર મારતાં નોંધાઈ ફરિયાદ

રાઠોડ નામનાં ૨૪ વર્ષીય યુવક ગત તા. ૧૭ના રોજ બપોરના સમયે અમરેલી સિવિલ હોસ્પિટલની પાછળ આવેલ અન્નક્ષેત્રમાં જમવા માટે ગયેલ હતા અને તેમને જમતા ઉલ્ટી જેવુ થવા લાગતા તેઓએ થાળીમાં રહેલ થોડા દાળ ભાત ખાધેલ ન હતા અને પોતે થાળી મુકવા જતા હતાં. ત્યારે આ અન્નક્ષેત્રના સંચાલક ભરતભાઈ આચાર્યએ યુવકને કહેલ હતુ કે, તું થાળીમાં બાકી રહેલ છે તે જમી લે અથવા તો દંડ ભર તેમ કહેલ હતુ. જેથી યુવકે તેમને પચાસ રૂપિયાના દંડ માટે થઈને પાંચસો રૂપિયા આપેલ હતા. બાદમાં યુવક થાળી મુકીને આવ્યાં બાદ બાકીના પૈસા પરત માંગવા જતા ભરતભાઈ આચાર્યએ યુવકને તેમની જ્ઞાતિ પુછેલ હતી.

બાદમાં ભરતભાઈ આચાર્યએ કાળુભાઈ, હીરાભાઈ ખુમાણ તથા ચતુરભાઈ દાફડાને બોલાવી યુવકને પ્લાસ્ટીકની પાઈપ વડે માર મારેલ અને ત્યાર બાદ યુવક પોતાનો બચાવ કરવા જતા આરોપીએ અન્ય અજાણ્યા ત્રણ ઈસમોને બોલાવેલ અને આ તમામ આરોપીઓએ એકસંપ કરી યુવકને પ્લાસ્ટીકના પાઈપ વડે માર મારી જમણા હાથના અંગુઠા પાસેની આંગળી તેમજ માથામાં મારી મુંઢ ઈજા કરી તથા ડાબા હાથમાં યુવકને ફેકચર જેવી ઈજા કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

## ।। હર હર મહાદેવ ।। ।। જય પરશુરામ ।।

# ભગવાન પરશુરામ

शुद्धं बुद्धं महाप्रज्ञापण्डितं रणपण्डितं ।
रामं श्रीदत्तकरुणाभाजनं विप्ररंजनम् ॥



ભગવાન વિષ્ણુજીનાં છઠ્ઠા અવતાર શિવતત્વ સમ પરમ પરાક્રમી માનવહિત કાજ સતત સંઘર્ષ રત શકિતપૂંજ, તેજસ્વી, ઓજસ્વી અને વર્ચસ્વી ભગવાન પરશુરામજીની પાદુર્ભાવ તિથિ નિમિતે ભગવાન શ્રી પરશુરામજીનાં ચરણોમાં શત્ શત્ નમન..... સહ વંદન.....

### ભવ્ય શોભાયાત્રા

આજે સાંજના ૫ કલાકે
પ્રસ્થાન : નાગનાથ મહાદેવ મંદિરેથી
શ્રી પરશુરામધામ સુધી

### મહાઆરતી

સાંજે ૭:૩૦ કલાકે, પરશુરામધામ
રેલ્વે સ્ટેશન પાસે, અમરેલી

## નિમંત્રક

### તુષાર જોષી
પ્રમુખશ્રી : અમરેલી જિલ્લા સમસ્ત બ્રહ્મસમાજ

ડો. કાર્તિકભાઇ વ્યાસ
શ્રી આશિષભાઇ જોષી
શ્રી વિપુલભાઇ બી. વ્યાસ
શ્રી અમીતકુમાર ઉપાધ્યાય
શ્રી અર્ચનાબેન ભટ્ટ
શ્રી દિનેશભાઇ વ્યાસ
શ્રી આનંદભાઇ ભટ્ટ
શ્રી નિલેશભાઇ જોષી
શ્રી કેતનભાઇ જોષી
શ્રી પ્રકાશભાઇ જોષી
શ્રી હેતલબેન જોષી
શ્રી સમીરભાઇ પંડયા
શ્રી લીલાબેન ભટ્ટ
શ્રી અપેક્ષાબેન પંડયા
શ્રી લીનાબેન પંડયા
શ્રી આરતિબેન મહેતા
શ્રી આશિષભાઇ વોરા
શ્રી શીતલબેન દવે
શ્રી હિનાબેન મહેતા
શ્રી નયનાબેન મહેતા
શ્રી મયુરીબેન ત્રિવેદી
શ્રી હેમલતાબેન જાની
શ્રી લીલાબેન વ્યાસ
શ્રી રીનાબેન દવે
શ્રી પ્રજ્ઞાબેન માઢક
શ્રી કૃપાબેન ત્રિવેદી

### શ્રી પરશુરામધામ-અમરેલી
અમરેલી શહેર/જિલ્લા સમસ્ત બ્રહ્મસમાજ પરિવાર

શ્રી સેજલબેન ભટ્ટ
શ્રી વૈશાલીબેન વ્યાસ
શ્રી પ્રકાશકુમાર મહેતા
શ્રી નિધીબેન ત્રિવેદી
શ્રી સરિતાબેન દવે
શ્રી જયેશકુમાર વ્યાસ
શ્રી હરસિદ્ધિબેન વ્યાસ
શ્રી જીગ્નેશભાઇ પંડયા
શ્રી ભાવેશભાઇ ત્રિવેદી
શ્રી પ્રફુલાબેન જોષી
શ્રી વિશ્વાસભાઇ જાની
શ્રી નિખિલકુમાર ભટ્ટ
શ્રી ઉષાબેન વ્યાસ
શ્રીમતી જીનલબેન રૂપારેલીયા (જોષી)
શ્રી ચેતનાબેન મહેતા
શ્રી વિશાલભાઇ પંડયા
શ્રી અંજલીબેન પંડયા
શ્રી નિશાબેન વ્યાસ
શ્રી કમલબેન રાવલ
શ્રી જિતેન્દ્રભાઇ મિશ્રા
શ્રી વિજયભાઇ પંડયા
શ્રી પ્રકાશકુમાર પંડયા
શ્રી દિવ્યાબેન જોષી
શ્રી રાજેશકુમાર ભટ્ટ

## અમરેલી બ્રહ્મ સારસ્વત પરિવાર




# શોભાયાત્રા, અન્નકૂટ દર્શન, મહાઆરતી સહિતનાં કાર્યક્રમો યોજાશે

# અમરેલીમાં આજે ભગવાનશ્રી પરશુરામજી પ્રાગટ્ય ઉત્સવ

**સાંજનાં ૪:૩૦ કલાકે શ્રી નાગનાથ મહાદેવ મંદિરથી શ્રી પરશુરામધામ સુધી શોભાયાત્રા યોજાશે**

**સાંજનાં ૭:૩૦ કલાકે શ્રી પરશુરામધામ ખાતે મહાઆરતી યોજાશે**

**જિલ્લા સમસ્ત બ્રહ્મસમાજનાં માર્ગદર્શનતળે શહેર સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા સુંદર આયોજન**

**સમસ્ત બ્રહ્મસમાજ અને સર્વો ધર્મપ્રેમીઓને શોભાયાત્રા અને મહાઆરતીમાં જોડાવવા અનુરોધ**

અમરેલી, તા. ૧૮

અમરેલી જિલ્લામાં આજે ભગવાન શ્રી પરશુરામજીનાં પ્રાગટય ઉત્સવની આસ્થા અને ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવશે. અમરેલી ખાતે રેલ્વે સ્ટેશન નજીક આવેલ શ્રી પરશુરામધામ ખાતે બપોરથી સાંજ સુધી અન્નકૂટ દર્શન, સાંજના ૪:૩૦ કલાકે શ્રી નાગનાથ મહાદેવ મંદિરથી શોભાયાત્રાનું પ્રસ્થાન થશે જે શહેરનાં રાજમાર્ગો પરથી પસાર થશે અને સાંજે ૭:૩૦ કલાકે શ્રી પરશુરામધામ ખાતે સમાપન થશે. બાદમાં મહાઆરતી યોજાશે અને તમામ કાર્યક્રમોમાં સમસ્ત

અનુસંધાન પાના ૬ ઉપર







## ગોપાલગ્રામનાં મહેશભાઈ રાઠોડને માર પડયો

# અમરેલીની સિવિલ હોસ્પિટલમાં યુવકને જ્ઞાતિ પુછીને માર મારતાં નોંધાઈ ફરિયાદ

**યુવકનાં ડાબા હાથમાં ફેકચર જેવી ઈજા કરવામાં આવી**

અમરેલી, તા. ૧૮

ધારી તાલુકાના ગોપાલગ્રામ ગામે રહેતાં મહેશભાઈ

અનુસંધાન પાના ૬ ઉપર

## રાજુલા અને લીલીયામોટા પંથકની ઘટના

# અમરેલી જિલ્લામાં એક જ દિવસમાં છેતરપીંડીનાં ર બનાવો : ફરિયાદ

**સ્થાનિક પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી**

અમરેલી, તા. ૧૮

અમરેલી જિલ્લામાં છેલ્લા એકદિવસમાં યેનકેન પ્રકારે લોભલાલચ આપી બે બનાવમાં છેતરપીંડી કરાયાની પોલીસમાં ફરિયાદ નોંધાતા પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

પ્રથમ બનાવમાં આરોપી કોટક મહિન્દ્રા બેન્કનાં એકાઉનટના એક ધારક હેમંતકુમાર નામનાં ઈસમે રાજુલા તાલુકાના ખાખબાઈ ગામે પ્લોટ વિસ્તારમાં રહેતા દિનેશભાઈ નાનાભાઈ લાડુમોર નામનાં ૩૪ વર્ષિય ખેડૂતની જાણબહાર ગતતા.૨૯/૩/૨૬ નાં રોજ રાત્રે ૭:૪૫ વાગ્યે ખેડૂતનો મોબાઈલ ફોન કોઈપણ રીતે ઈલેકટ્રોનિક માધ્યમનો ઉપયોગ કરી હેક કરી લઈ યુવકના એકિસસ બેન્ક એકાઉન્ટમાંથી

અનુસંધાન પાના ૬ ઉપર

























*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI.(Gujarat)